નગર મારૂ પાટનગર

Regd. No. GNR/65-G0

ગાંધીનગરસમાચાર

સર્વિસ રોડ માટે ૪ હજાર વૃક્ષો કપાશે

ગાંધીનગર(ઉ) મતવિસ્તારમાં મતદારોની નોંધણી કરતાં કમી માટે વધુ અરજી મળી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર(ઉ) વિધાનસભા મતવિસ્તારમાં મતદાર યાદી સુધારણા ઝુંબેશ દરમ્યાન નામ દાખલ કરવા માટેની અરજીઓ કરતાં નામ કમી કરવાની અરજીઓ વધુ મળી છે. જિલ્લામાં ૩૧-૮-૧૫ના રોજ પૂર્ણ થયેલ મતદાર યાદી સુધારણા ઝુંબેશ દરમ્યાન નવા મતદારો ૦.૬૮ ટકા જ વધવા પામ્યા છે.

મતદાર યાદી સુધારણા અભિયાનમાં ૭ હજાર નવા મતદારો ઉમેરાયા : ૩૦૭૦૯ નામ નોંધણી સામે ૨૩,૭૨૭ નામ કમી માટેની અરજીઓ મળી : સૌથી ઓછી અરજીઓ દહેગામમાંથી મળી

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા મતદારયાદી શુદ્ધિ અને સુધારણા ઝુંબેશનું આખુ અભિયાન બે મહિના સુધી હાથ ધરવામાં આવ્યું હતું.

જિલ્લામાં નામ દાખલ કરવા માટે ૩૦૭૦૯ અરજીઓ અર્થાત ફોર્મ ૬ ભરાઈને આપ્યા હતા. જેની સામે જિલ્લામાંથી નામ રદ કરવા માટેની અરજીઓ ૨૩,૭૨૭ મળી હતી. આમ ૭૩૮૨ નવા મતદારો ઉમેરાયા છે અને જિલ્લાના કુલ મતદારોની સંખ્યા ૧૦,૮૮,૬૨૧ હતી તે વધીને ૧૦,૯૬,૦૧૦ પર પહોંચી છે.

પંચના સૂત્રો પાસેથી મળતી વિગતો પ્રમાણે નામ દાખલ કરવા માટેની સૌથી વધુ અરજી ગાંધીનગર(દ)માંથી મળી હતી. જેની સંખ્યા ૯૬૪૦ છે. જ્યારે સૌથી ઓછી અરજી દહેગામમાંથી ૨૯૮૬ મળી હતી.

ગાંધીનગર (ઉ) વિધાનસભા મતવિસ્તાર માટે ૭૧૮૧ અરજીઓ, કલોલ માટે ૬૯૪૯ અરજીઓ અને માણસા તાલુકા માટે ૩૯૫૩ અરજીઓ મળી હતી.

● અનુસંધાન પાન-૭ પર

આત્મહત્યા રોકવા જીવન આસ્થા હેલ્પલાઈનનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૦

સતત પરિવર્તન પામતા સ્પર્ધાત્મક સમયમાં દરેક વ્યક્તિ સંઘર્ષ સામે ઝઝુમી રહ્યો છે. સંયુક્ત કુટુંબમાંથી વિભક્ત કુટુંબનો ટ્રેન્ડ વ્યક્તિઓને હતાશામાં અને તણાવમાં ધકેલવા પાછળનું ખુબ મોટુ પરીબળ ગણાય છે. સંયુક્ત કુટુંબમાં દુઃખના સમયે પડખે ઉભા રહેવા વાળા ચહેરા દેખાતા હતા જે હવે વિભક્ત કુટુંબમાં દેખાતા બંધ થઈ જતા વ્યક્તિ મનોમન ચિંતામાં ગરકાવ થાય છે અને અંતે તણાવમાં આવીને આત્મહત્યાનું પગલુ ભરવાનો વિચાર કરી બેસે છે. ગાંધીનગર પોલીસે આવા સમયે વ્યક્તિની પડખે ઉભા રહેવા માટે અને આત્મહત્યા નિયંત્રીત કરવાના આશયથી જીવન આસ્થા હેલ્પલાઈન શરૂ કરી છે. મુખ્યમંત્રીના હસ્તે વિડીયો કોન્ફરન્સથી ગાંધીનગર એસ.પી. કચેરીમાં ચોવીસ કલાક કાર્યરત રહેનારી આ હેલ્પલાઈન ૧૮૦૦ ૨૩૩ ૩૩૩૦નું આજે લોન્ચીંગ કરવામાં આવ્યું છે.

વિભક્ત કુટુંબના ટ્રેન્ડ વચ્ચે સતત સંઘર્ષ અને તણાવમાં રહેતા વ્યક્તિઓ હતાશ થઈને આત્મહત્યાનું પગલુ ભરી લે છે : ચોવીસ કલાક મનોચિકિત્સક તથા કાઉન્સેલર્સ હેલ્પલાઈન મારફતે હતાશાનો ભોગ બનેલા વ્યક્તિઓને જીવન જીવવાની નવી રાહ બતાવશે : ગાંધીનગર એસપી કચેરીમાં મુખ્યમંત્રીના હસ્તે વિડીયો કોન્ફરન્સથી હેલ્પલાઈનનું લોન્ચીંગ થયું

તણાવમુક્ત લાઈફ સ્ટાઈલ દરમ્યાન એકલો પડી ગયેલો વ્યક્તિ આત્મહત્યાના પ્રયાસ તરફ વળે છે. આવી પરિસ્થિતિમાં તણાવ, નિરાશા તથા હતાશાના સમયમાં વ્યક્તિને સલાહ માર્ગદર્શન તથા સહારો મળી જાય તો તે આત્મહત્યાનો વિચાર માંડી વાળે છે. તેમાં બે મત નથી. આ સહારો બનવાના આશયથી ગાંધીનગર રેન્જ આઈજીપી હસમુખ પટેલે હેલ્પલાઈન શરૂ કરવાનો વિચાર કરીને તેને અમલી બનાવી છે. આજે આત્મહત્યા નિયંત્રણ દિને રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે વિડીયો કોન્ફરન્સથી એસ.પી. કચેરી ગાંધીનગર ખાતે જીવન આસ્થા હેલ્પલાઈનનું લોન્ચીંગ કરવામાં આવ્યું હતું. સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત વાંટેવાળા

● અનુસંધાન પાન-૭ પર

આર.ટી.ઓ. ઘસાયેલી નંબર પ્લેટ વિના મુલ્યે બદલી આપશે

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગર આર ટી ઓ કચેરી દ્વારા વાહનોની ઘસાયેલી નંબર પ્લેટ વિના મુલ્યે બદલી આપવામાં આવશે. જો કે તુટેલી નંબર પ્લેટ બદલવા માટે વાહનચાલકોએ નિયત ફી ચુકવવી પડશે. જયારે નંબર પ્લેટ ઘસાઈ ગઈ હાય અગર નંબર ન વંચતો હોય તેવા કિસ્સામાં તુરંત જ પ્લેટ બદલી આપવામાં આવશે.

ગાંધીનગરની આર ટી ઓ કચેરીમાં હાઈસિક્યોરીટી નંબર પ્લેટ નાંખવાની પ્રથમ શરૂઆત કરવામાં આવી હતી જેના આધારે નવા તમામ વાહનોમાં હાઇ સિક્યોરીટી નંબર પ્લેટ જ લગાવવામાં આવે છે. જયારે આર ટી ઓ દ્વારા આ માટે નિયત ફી પણ વસુલવામાં આવે છે. આર ટી ઓ દ્વારા જુના વાહનોમાં પણ આ પ્રકારની નંબર પ્લેટ મુકવા માટે સમયાંતરે ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. જયારે સલામતીના દ્રષ્ટીકોણથી અનિવાર્ય હાઇસિક્યોરીટી નંબર પ્લેટ ઘસાઇ જતી હોવાની વ્યાપક

તુટેલી નંબર પ્લેટ માટે નિયત ફી ચુકવાવાની રહેશે

ફરિયાદો પણ ઉઠવા પામી હતી. જેના લીધે આર ટી આ કચેરી દ્વારા વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. આર ટી ઓ તંત્રના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર ઘસાયેલી નંબર પ્લેટ બદલી આપવા માટે ખાસ પ્રકારની સુવિધા ઉપલબ્ધ

● અનુસંધાન પાન-૭ પર

(તસવીર : કશ્યપ નિમાવત)

બાપાની સવારી આવે છે - બા અદબ હોશિયાર... ગણપતિ બાપાની સવારી આવી રહી છે... વિઘ્નહર્તા ગણેશજીનું ભાવપૂર્વક પૂજન-અર્ચન કરવા નગરમાં અદ્ભૂત માહોલ સર્જાયો છે... શહેરમાં ૧૦-૧૨ જગ્યાએ ગણેશોત્સવ ઉજવણીના મંડપો રોપાય રહ્યા છે ત્યારે ગણપતિબાપાની વિવિધ સ્વરૂપો વાળી મૂર્તિઓ શહેરના માર્ગો પર નજરે પડવા લાગી છે... રંગબેરંગી વસ્ત્રોમાં સુશોભિત ગણપતિબાપાની મૂર્તિઓ આકર્ષણ જમાવે છે...

અડાલજમાં અટલ આવાસ યોજનાની કામગીરી નવેમ્બરમાં આરંભાશે

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા અડાલજમાં એલ આઈ જી ટુ પ્રકારના આવાસો બાંધવાનુ નક્કી કરવામાં આવ્યુ છે. આગામી નવેમ્બર મહિનામાં આ યોજનાનુ કામ શરૂ કરી દેવાશે. જયારે લાભાર્થીઓને બે વર્ષમાં મકાનો સોંપી દેવામાં આવશે. આ ઉપરાંત શુભ લાભ આવાસ યોજનાના બાકીના લાભાર્થીઓને પણ દિવાળી પૂર્વે મકાનો આપી દેવાશે.

ગુડા દ્વારા શહેર નજીકના રાયસણ અડાલજ અને ચિલોડા સહિતના વિસ્તારમાં નવા આવાસો બાંધવામાં આવી રહયા છે. જયારે ગુડાની પ્રથમ શુભ લાભ આવાસ યોજનાના લાભાર્થીઓને પ્રથમ તબક્કામાં મકાનોનો કબજો પણ સોંપી દેવામાં આવ્યો છે. જયારે પ્રથમ તબક્કામાં ૩૫૨ જેટલા લાભાર્થીઓને મકાનનો કબજો સોંપી દેવામાં આવ્યો છે. ગુડાના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર આગામી દિવાળી પહેલા બાકીના લાભાર્થીઓને પણ કબજો ફાળવી દેવામાં આવશે.

શુભ-લાભ આવાસ યોજનાના બાકીના લાભાર્થીઓને પણ દિવાળી પહેલા મકાન આપી દેવાશે

જયારે ગુડા દ્વારા બાકી રહેતા અન્ય નાગરિકો ને પણ મકાન ઉપલબ્ધ થાય તે માટે અડાલજ ખાતે એલ આઈ જી ટુ પ્રકારની આવાસ યોજના બાંધવાનો પણ નિર્ણય લેવાયો છે. જે અન્વયે પણ ગઈકાલે ડ્રો ની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. જેના અંતે ૫૦૪ અરજદારોને મકાનની ફાળવણી કરવામાં આવી હતી. ગુડાના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર આગામી નવેમ્બર મહીનામાં આ નવી આવાસ યોજના બાંધવાનુ કામ શરૂ કરી દેવાશે. જયારે બે વર્ષમાં કામ પૂર્ણ કરી અરજદારોને મકાનોનો કબજો સોંપી દેવામાં આવશે.

સર્વિસ રોડ માટે ૪ હજાર વૃક્ષો કપાશે

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગર અમદાવાદ વચ્ચે કોરીડોર બનાવવાનુ સ્વપ્ન પુરુ થતા સમય લાગે તેમ છે. આ પ્રોજકટ ખર્ચાળ અને અભ્યાસ માંગી લે તેવો હોવાથી બન્ને શહેરને જોડતા કોરીડોરનુ નિર્માણ કરવાનું કામ આગળ વધતા હજુ ઘણો બધો સમય લાગે તેમ છે. ત્યારે કોબા ચ-૦ થી ઈન્દિરાબ્રીજને જોડતા સર્વિસ રોડને ફોરલેન બનાવવા માટે ટુંકમાં કામ શરૂ કરી દેવાશે. જયારે આ કામગીરી પાછળ રૂપિયા ૪૮ કરોડથી વધુ ખર્ચ થાય તેમ છે. આ રૂટમાં આસપાસ સ્થિત ગ્રામ્ય વિસ્તાર સહિતનો ટ્રાફિક સર્વિસ રોડ પર ડાયવર્ટ કરવા તેમજ મુખ્ય માર્ગપર ટ્રાફિકનુ ભારણ ઘટાડી માર્ગ સલામતીની દ્રષ્ટીએ વધુ ફેવરેબલ રોડ નેટવર્ક મળી રહે તે માટે ભાવિ આયોજનને ધ્યાને રાખી આ પ્રોજેકટનુ કામ હાથ ધરવામાં આવશે. ચ-૦ થી ઈન્દિરાબ્રીજના રૂટમાં સર્વિસ રોડને ફોરલેન બનાવવા માટે ટેન્ડર પ્રક્રીયા પૂર્ણ કરી દેવામાં આવી છે. જયારે ટુંકમાં કામ પણ શરૂ કરી દેવાશે.

વન વિભાગને ૫૪ લાખનુ વળતર ચુકવાયુ : ચ-૦ થી ઈન્દિરાબ્રીજના સર્વિસ રોડને ફોરલેન બનાવવાનુ કામ ટુંકમાં આરંભાશે

● અનુસંધાન પાન-૭ પર

શુભેચ્છા સહ...

માનનીયશ્રી

ડો. વર્ષાબહેન પારેખને...

આપશ્રી રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ 'શ્રેષ્ઠ શિક્ષક'નો એવોર્ડ પ્રાપ્ત કરી એક અનોખું ગૌરવ મેળવ્યું છે. અને અમોને સહુને અપાવ્યું છે.

ખાસ તો આપશ્રી આપની રોજબરોજની વાતોમાં આનું સમગ્ર શ્રેય આપના પરિવાર, આપના સ્વ. બાપુજી (સસરાજી) અને માતા-પિતા અને સર્વ વિદ્યાલયના શિક્ષણ અને સેવાના ભેખધારીઓ પૂ.શ્રી છગનભા, પૂ. શ્રી દાસકાકા અને પૂ. શ્રી માણેકલાલ સાહેબને તથા માનનીય શ્રીમતી હંસાબેન ઉપાધ્યાયને આપતા રહ્યા છો. આપના ગૌરવને કુંજરાવ ગામની દિકરીનું ગૌરવ, સમગ્ર મહિલાઓનું ગૌરવ, સમાજ, સંસ્થા, નગર અને સંસ્કારોનું ગૌરવ લેખાવું છું.

આનંદ અને ગૌરવ સહ...

આપનો

શુભેચ્છકભાઈ...

શિક્ષકો જોઈએ છે

અંગ્રેજી માધ્યમની સ્કૂલ માટે

B.Sc. B.Ed. અને

B.A. B.Ed. - English

અને Accountant

દિન-૨માં સંપર્ક કરો.

સંપર્ક : ૯૬૮૭૦ ૯૯૯૩૩

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE BATH FITTINGS · DR. FIXIT FOR HEALTHY CONSTRUCTION · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK500 TMT BARS - ISI

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com